# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited **Grade A** by NAAC
(CGPA 3.05)

**સંદર્ભ :–** (૧) સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરનો તા. ૧૮–૦૯–'૧૧ નો પત્ર ક્રમાંક : કગટ / ક–૩ / ૧૧–૧૨ / ૧૮૫૦૮ – ૨૧.
(૨) સિન્ડિકેટ તા. ૧૦–૧૨–'૧૫ ની સભાના ઠરાવ નં. ૨૬.
(૩) અત્રેના પરિપત્ર નં. જોડાણ / ૨ / ૩૬૪૧ / '૧૬, તા. ૨૭–૦૧–'૧૬.
(૪) જોડાણ વિભાગની તા. ૧૭–૦૨–'૧૬ ની નોંધ.

**પરિપત્ર :–**

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ–૧ પરનાં સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરના પત્રની વિગતે સરકારી કોલેજો ઘ્વારા જોડાણ સમયે જોડાણ ફી ભરવાની થાય ત્યારે કેટલાક વહિવટી પ્રશ્નો ઉપસ્થિત થતા હોવાના કારણે સરકારી કોલેજોના જોડાણ માટે કે બીજા વર્ષના જોડાણ માટેની ફી જતી કરવા કરેલ વિનંતી અન્વયે સંદર્ભ–૨ પરની સિન્ડિકેટમાં ઠરાવ નં. ૨૬ માં થયેલ ઠરાવ અનુસાર હવેથી રાજ્ય સરકારશ્રીની કોલેજો (સરકારી કોલેજો) પાસેથી નવા / વધારાનાં / ચાલુ / કાયમી જોડાણ માટે કોઈ ફી લેવાની રહેશે નહિ તેમ ઠરાવેલ.

સિન્ડિકેટ ઠરાવ અન્વયે સંદર્ભ–૩ થી પરિપત્ર કરવામાં આવેલ જેમાં વર્ષ ૨૦૧૬–૧૭ દર્શાવેલ જે શરતચૂકથી દર્શાવાયેલ હોય તેના બદલે શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ થી આગળના જોડાણ માટે ઓર્ડિનન્સ–૧૪૪ માં દર્શાવેલ તારીખ મુજબ જોડાણ અરજી પાંચ નકલમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે કરવાની રહેશે પરંતુ જોડાણ ફી જમા કરાવવાની રહેશે નહિ તે મુજબ સુધારીને વાંચવા વિનંતી, વધુમાં **સરકારી કોલેજોમાં સ્વ–નિર્ભરતાના ધોરણે કોઈ અભ્યાસક્રમ ચાલતો હોય તો તેવા અભ્યાસક્રમો માટે ઓર્ડિનન્સ–૧૪૪ અનુસાર જોડાણ ફી ભરવાની રહેશે.**

કુલસચિવ

નં. જોડાણ / ૨ / ૩૮૮૫ / '૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
**રાજકોટ – ૩૬૦ ૦૦૫**
તા. ૨૯ / ૦૨ / '૧૬

**પ્રતિ,**

– યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...
(જાણ તથા કાર્યવાહી અર્થે...)

**નકલ રવાના :–**

– માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
– સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– ઓડિટ વિભાગ
– કોમ્પ્યુટર સેન્ટર – વેબસાઈટ પર પ્રસિઘ્ધ કરવા અર્થે...